

આત્માને રીઝવવા માટે જે શક્તિનો ઉપયોગ કરવામાં આવે એ જ ખરી શક્તિ. દુનિયાને ખુશ કરવા માટે જે શક્તિનો ઉપયોગ થાય તે શક્તિ નહિ પણ અભિશાપ.

– ચિત્રભાનુ

# દિવ્યદીપ

## તનમાં નહિ, મનમાં

પ્રભાતે પ્રકાશનું દ્વાર ખોલ્યું હતું. મુનિ બેલડી નદી પાર કરી રહી હતી. ત્યાં ચીસ સંભળાઇ. જળ ભરવા આવેલ સુંદરીનો પગ લપસ્યો અને એ પ્રવાહમાં તણાઈ રહી. બન્ને કિનારા નિર્જન હતા. નિરાધાર નારીને કોણ બચાવે? મુનિ? એ તો સ્ત્રીને સ્પર્શે પણ કેમ? પણ એક કરૂણાપૂર્ણ મુનિથી આ ન જોવાયું. એણે પ્રવાહમાં ઝંપલાવ્યું. કન્યાને બચાવી લીધી અને એનાં આભારવચન પણ સાંભળ્યા વિના એ પંથે પડ્યા. માર્ગમાં સાથીએ ઠપકો આપ્યો: "તમે આ શું કર્યું? વ્રતભંગ કર્યો અને સ્ત્રીને ખભે ઉપાડી તમારી શી ગતિ થશે?"

પેલા મુનિ તો મૌનમાં કર્તવ્યપંથે ચાલતા જ રહ્યા. સાંજ નમી. પ્રતિક્રમણ પૂર્ણ થયું રૂઢિચુસ્ત મુનિએ ફરી કહ્યું: "પ્રાયશ્ચિત કર્યું? પાપ સામાન્ય નથી કર્યું. પ્રતિજ્ઞા ભંગ કરી, સુંદરીને ખભે ઉપાડી છે."

પ્રશાન્ત મુનિએ કહ્યું: "હું તો એને કિનારે જ મૂકી આવ્યો. આપ એને હજુ માથે ઉપાડીને ફરો છો?"

– ચિત્રભાનુ

વર્ષ : ૭
અંક : ૩
સપ્ટેમ્બર

# ❋ ઉત્સવનો આનંદ ❋

જેમના હૃદયમાં દિવ્ય પ્રેમનો સ્રોત વહી રહ્યો છે એમને કાળ કે સ્થળના ભેદ શા ? જ્યાં ક્યાંય ઉમંગી મન અને જ્ઞાન તરસ્યાં હૈયાં જોયાં અને અંતરસ્પર્શી શબ્દોમાં પૂ. ગુરુદેવના મુખેથી મહાવીરની વાણી વહેવા લાગી. થાણામાં ઉત્તરાધ્યયન સૂત્ર અને રામાયણનો સ્વાધ્યાય પણ એમજ શરૂ થયો.

પચ્ચીસો માણસોને સમાવતો ઉપાશ્રયનો હૉલ પણ નાનો પડ્યો અને મંદિરની બાજુમાં આવેલ રાજસ્થાન હૉલમાં માનવ મેદનીને સમાવવા શ્રી થાણા સંઘે વ્યવસ્થા કરી.

સ્થળનો વિસ્તાર થયો ત્યાં સાધર્મિક ભક્તિનો ભાવ જાગ્યો, શ્રી સરેમલજી જૈને દર રવિવારે પ્રભાવના કરવાનો લહાવો લઇ લીધો. પૂ. ગુરુદેવની મંગળમય મૈત્રીભાવની કલ્યાણ ભાવનાનાં પ્લાસ્ટીકનાં કાર્ડો પણ શ્રોતાજનોને શ્રી સરેમલજીએ ભેટ કર્યાં.

ભક્તિભાવ ઊભરાતો જ રહ્યો. ત્યાં મંગળવારના શ્રાવણ સુદ બીજનું મંગળમય પ્રભાત ઊઘડ્યું.

પૂ. ગુરુદેવનો જન્મ દિવસ આવ્યો, સૌના મનમાં હર્ષ છવાયો. 'પૂ. ગુરુદેવ પાસેથી આપણે તો રોજ મેળવીએ, આજે એમના પવિત્ર ચરણોમાં શું ધરીશું ?' પ્રજ્ઞાએ સમાધન કર્યું : "જ્ઞાનીનું ઋણ કદી અદા થયું છે ખરું ? અને જેમણે ત્યાગનો જ માર્ગ અપનાવ્યો છે એમના અંતરમાં અપેક્ષા પણ શાની ?"

ભક્તહૃદય પ્રેમથી ઊભરાયું અને પૂ. ગુરુદેવના ચરણોમાં અંતરની શુભેચ્છા વ્યક્ત કરવા સવારથી જ માનવપ્રવાહ શરૂ થયો.

સવા આઠ વાગતાં તો હૉલ ભરાઈ ગયો. થાણાના કલેકટર શ્રી કપુર પણ પોતાની અનેકવિધ પ્રવૃત્તિઓમાંથી સમય કાઢી પૂ. ગુરુદેવના જન્મદિવસે શુભ ભાવનાઓ વ્યક્ત કરવા વહેલાસર આવી પહોંચ્યા.

ભાવભર્યાં ભજનથી કાર્યક્રમ શરૂ થયો. શ્રી થાણા જૈન સંઘ તરફથી સંઘના પ્રમુખ શ્રી રૂપચંદજી ઊભા થયા અને લાગણીભર્યા ગદ્દગદ્દ અવાજે બોલ્યા : "પૂ. ગુરુદેવ અમારે ત્યાં પધાર્યા તો આજે એમનો જન્મદિવસ ઊજવવાનો અમને અપૂર્વ લાભ મળ્યો. પૂ. ગુરુદેવના માતાપિતા ધન્ય છે, આ ભારતની ધરતી ધન્ય છે અને અમે પણ આજે ધન્યતા અનુભવી રહ્યા છીએ.

"પૂ. ગુરુદેવ ઘણું લાંબુ જીવે અને પ્રભુ મહાવીરનો સંદેશો દરેક જગ્યાએ પહોંચાડે. પૂ. ગુરુદેવની આ પ્રવૃત્તિ પાછળ અમારો સકળ સંઘ છે. કારણ કે મારા ધારવા પ્રમાણે ધર્મના પ્રચારાર્થે વિદેશ જવા માટે, જમાનાને અનુસરીને ફેરફાર થતો હોય તો એ માટે ક્યાંક છૂટ આપવામાં આવી છે.

"પૂ. ગુરુદેવ પરદેશમાં પ્રેમ અને મૈત્રીની સુવાસ મૂકી આવ્યા તેમ અહીંઆ, થોડાક લોકોએ એમના વિદેશાગમનથી ઉગ્ર સ્વરૂપ લીધું છે તેમને પ્રેમથી સમજાવે, ઉપદેશે એવી અમારી નમ્ર વિનંતી છે. પૂ. ગુરુદેવના ઉપદેશની અસર જરૂર થશે."

ત્યારબાદ શ્રી સિદ્ધચક્ર જૈન નવયુવક મંડળ તરફથી શ્રી જૈને અભિનંદન વ્યક્ત કર્યાં.

ફ્રાન્સથી આવેલ Mrs. Charlotte Anne અને Mr. Andre Simonin નાં હૃદયો પણ પૂ. ગુરુદેવના જન્મદિવસે આનંદની અભિવ્યક્તિ સભા સમક્ષ નવકારમંત્રનું સ્મરણ કરી પૂ. ગુરુદેવને પ્રભુ પ્રકાશ અને પરમઆનંદ બક્ષે એવી નમ્ર પ્રાર્થના કરી.

પૂ. ગુરુદેવને પોતાની શુભ ભાવના અર્પણ કરતાં થાણાના કલેકટર શ્રી કપુરે કહ્યું : "મુનિશ્રીનાં પુસ્તકનાં વાંચનથી એમની શક્તિનું થોડું-શું મને દર્શન થયું છે. આવા મહાપુરુષો સાથે પરિચય થાય છે ત્યારે અમારા જેવા રાજકારણમાં લાગેલા માણસોને અમારી ભૂલોનું દર્શન થાય છે.

"સમાજની પરિસ્થિતિનો મુનિશ્રીને ખ્યાલ તો હશે જ છતાં અમારો સમાજ સાથેનો રોજનો સંપર્ક હોવાથી વિનવું છું કે સમાજના શ્રેયાર્થે સહુ ભેગા મળીને સમાજને ઉપયોગી એવા કાર્યોમાં અવિરત અમે લાગી રહીએ એવી પ્રેરણા અમને આપતા રહો એવી શુભાંકાક્ષાઓ વ્યક્ત કરું છું."

શ્રી પોપટભાઇએ સંઘનો આનંદ બે શબ્દોમાં વ્યક્ત કર્યો અને શ્રી કપુરનો આભાર માન્યો.

(અનુસંધાન કવર પેજ ૪ ઉપર)

# ❋ [illegible]ણાં જીવન પર આધ્યાત્મિકતાનો પ્રભાવ ❋

[illegible] કલબમાં જૈન મુનિ ? નવાઈની વાત લાગે છે? પણ એમ જ બન્યું. પૂ. ગુરુદેવનું થાણામાં આગમન થતાં જ એમનું જ્ઞાન, એમના વિશાળ વિચારોની સહુને જાણ થઈ અને થાણા રોટરી કલબના સભ્યોએ પૂ. ગુરુદેવને નમ્ર વિનંતી કરી : સૌને પ્રકાશ આપો છો તો અમારા સભ્યોને જ્ઞાનપ્રકાશ નહિ આપો? વિનંતીનો સ્વીકાર કરતાં રોટરીના પ્રમુખ શ્રી કામટ પૂ. ગુરુદેવને ઉપાશ્રયે તેડવા આવ્યા અને પૂ. ગુરુદેવનું પ્રવચન પૂર્ણ થતાં થોડાક સભ્યો સાથે મૂકવા આવ્યા. પૂ. ગુરુદેવનાં પ્રવચનની આ ટૂંકી નોંધ છે.

અકબરે એક લીટી દોરી અને સભાજનોને કહ્યું : આ લીટીને સ્પર્શ્યા વિના, એને ભૂસ્યા વિના એને નાની બનાવો. બધા કહે : એમ તે કેમ બને ?

ત્યાં બીરબલ ઊભો થયો અને એ લીટીની બાજુમાં જ બીજી લાંબી લીટી દોરી ! હવે અકબરની લીટી નાની દેખાવા લાગી.

કોઈની લીટી ભૂસ્યા વિના પોતાની લીટી મોટી કરવી–આ આધ્યાત્મિકતા છે. જીવન પર આધ્યાત્મિકતાનો પ્રભાવ એટલે કોઈને નાનો ન બનાવો, કોઈનામાં દુર્ગુણ ન જુઓ પણ એનામાં દિવ્યતા જુઓ અને વિશ્વમાં દિવ્યતા જોતા પહેલાં પોતાનામાં એ દિવ્યતાને અનુભવવી પડે છે.

જીવનમાં એવા પ્રસંગો પણ બને છે જ્યારે માનવી નીચે પડી જાય છે, એનું પતન થાય છે. છતાં પણ એના આત્મામાં રહેલી દિવ્યતા ઉપર આવવા માટે સદા ઝંખતી જ હોય છે.

સળગતી મીણબત્તીને ઊંધી કરો તો મીણબત્તી નીચે જશે પણ જ્યોત એના સ્વભાવ પ્રમાણે ઉપર જ જવાની.

કોઈકવાર વાતાવરણના પ્રભાવથી કે મિત્રના સંગે મન નીચે જાય પણ ચેતના તો કહે જ છેઃ નહિ, તું બરાબર રસ્તા ઉપર નથી.

આપણા સહુમાં આ ચેતવણી આપતું, ઉપર જવા મથતું દિવ્ય તત્ત્વ બેઠું છે. હા, એ દેખાતું નથી. આપણી ચીમની ઉપર મેશના થર જામી જતાં જ્યોતનો પ્રકાશ મળતો નથી અને સહુ બહાર શોધે છે.

આપણી સંસ્કૃતિ-ભારતીય સંસ્કૃતિ-આપણે જ સમજ્યા નથી. એ તો માત્ર પ્રકાશ આપે છે, કહે છે કે તું બહાર નહિ પણ અંદર શોધ.

જો ભગવાન તમારામાં નથી તો ક્યાંય નથી. ન મક્કામાં છે, ન મદીનામાં છે, ન કૈલાસમાં છે કે ન કાશીમાં છે ! અને જો તમારામાં છે તો બધે જ છે.

આ વાત ભ. મહાવીર, ભ. બુદ્ધ, ભ. રામચંદ્રજી અને અનેક સંતોએ પોતાના જીવનના આદર્શથી બતાવી છે પણ આપણે આ વાતને ભૂલીને ચમત્કારોની દુનિયામાં પડી ગયા.

આજે ભણેલો વર્ગ જેટલી અંધશ્રદ્ધાથી ચમત્કારો અને હાથચાલાકીથી મુગ્ધ બનેલો છે એટલો પહેલાંનો અભણ વર્ગ પણ નહોતો બન્યો.

જે ચમત્કારની પાછળ દોડે છે એનામાં સમજ હોય જ ક્યાંથી ?

તમે જાઓ, જરૂર જાઓ પણ તમને ત્યાં આત્માની શક્તિનું દર્શન થયું છે ખરું ? કોઈ રાખ આપે, કોઈ વીંટી કાઢે તો કોઈ કંકુ કે વાસક્ષેપ કાઢે. આ બધા હાથચાલાકીના ખેલ છે. વાત આધ્યાત્મિકતાની છે, પણ પ્યાસ અને પ્રીતિ તો ભૌતિકતાની છે.

જીવન દ્વિધામાં છે. ગાય છે કાંઈક અને ચાહે છે કાંઈક !

હું તમને એ કહેવા આવ્યો છું કે જે મેળવવાનું છે તે તમારા ચૈતન્યના કેન્દ્રમાં જઈને જ મેળવવાનું છે, પોતાનામાં શોધવાનું છે.

'તદ્ દૂરે, તદ્ અંતિકે' જે તમને દૂર દેખાય છે તે તમારી નજીક જ છે. હિમાલયમાં ય નથી અને હરદ્વારમાં ય નથી. મૃત્યુ અને અકસ્માત તો ત્યાં ય થાય અને અહીં પણ થાય. યાત્રામાં અમરતા જ મળે એવું નથી.

અમરતાનો પ્રકાશ તો અંદર જશો તો જ મળશે. હરીફાઈ કરવાથી નહિ વળે.

આધ્યાત્મિકતામાં Competition હરીફાઇ ન હોય.

કોઇ તમને કહે કે ફલાણાભાઈ બહુ ધનવાન છે તો એમ ન કહેશો કે મારે એવા બનવું છે. કહો કે મારે તો હું જે છું તે જ પૂર્ણ બનવું છે. જે 'હું' છું તે બીજો ન બને અને જે બીજો છે તે હું ન બનું.

જે આંબો છે તે મોસંબી ન બને અને મોસંબી કદી આંબો ન બને. હા, બન્ને સાથે, એક બીજાની નજદીક રહી શકે. સાવ નાના છોડ હોય ત્યારે ખબર ન પણ પડે. ફૂલ અને ફળ આવે ત્યારે ખબર પડ્યા વિના રહે ?

એક જ ઘરમાં સમાન સંસ્કાર અને વાતાવરણમાં ઉછરેલા પાંચે ભાઇઓના વિચાર અને આચાર સ્વતંત્ર અને ભિન્ન નથી હોતા ?

ગાંધીજી જેવા સમર્થ પુરુષ પોતાના દીકરાઓને પોતાના જેવા ન બનાવી શક્યા તો શું ગાંધીજી failure હતા, નિષ્ફળ નિવડ્યા ? અને વલ્લભભાઇ પટેલ જેવા પોતાના દીકરાને પોતાના જેવા ન બનાવી શક્યા તો શું તમે એમ કહેશો કે એ કમતાકાતવાળા હતા ?

કોઇ માણુસ પોતાની વિશિષ્ટતા કોઇને આપી શકતો નથી. જે એમ કહે કે 'તું મારા જેવો બન' એ ભૂલનો જ પ્રારંભ કરે છે.

આજે બધા નકલ Imitation કરવામાં પડ્યા છે, આપણા સમાજનો આકાર પણ આપણો નથી રહ્યો. અમેરિકાથી શસ્ત્રો લાવો, રશિયાથી સામગ્રી લાવો, જર્મનીથી મશીનરી લાવો કે પછી જાપાનથી ગૃહોદ્યોગ લાવો પણ લાવીને કર્યું શું ? કાંઈ નહિ. કારણ કે અક્કલનો Import આયાત કેમ થાય ? એ અંદર છે અને અંદરથી તો બહાર કાઢવું નથી.

તમે બહારથી લેવામાં પડ્યા ત્યારે જાપાન જેવા નાના દેશે શું કર્યું ? હીરોશીમા અને નાગાસાકીના મૃત્યુની ધૂનમાંથી અમર નવસર્જનનું નિર્માણ કર્યું.

પછી એ વ્યકિત હોય કે ઉદ્યોગપતિ; દેશ હોય કે રાષ્ટ્ર હોય પણ જે બીજાનું અનુકરણ કરે છે એ કદી પણ આગળ નથી વધી શકતો. હા, ઢાંચુ જરૂર બનાવી શકે પણ એની અંદર પ્રાણ નહિ રેડી શકે.

એકવાર શયતાન આકાશમાં ઊભો ઊભો હસતો હતો. ત્યાંથી પસાર થતા ધર્મરાજે પૂછ્યુંઃ તું કેમ હસે છે ? શયતાને કહ્યુંઃ સાધુઓમાં કજિયા અને રાગદ્વેષ ચાલે છે અને ધર્મસ્થાનોમાં ભોગ, વિલાસ અને નામનાઓનાં પ્રદર્શનો ચાલે છે; નામ તમારું છે પણ રાજ્ય મારું ચાલે છે.

ધર્મરાજે કહ્યું : ઊભો રહે, હું તને કાંઈ બતાવું, પૃથ્વી પર ચાલતી એક વ્યકિત પ્રાત આંગળી ચીંધી.

શયતાને નીચે જોયું તો હાથમાં નાની-શી લાકડી છે અને શરીર ઉપર નાની-શી પોતડી

છે અને ગાંધીજી દાંડી કૂચ કરે છે. તેમની પાછળ ત્યાગ, સેવા અને અર્પણતાનાં સ્વપ્નો સેવતા તેમના અનુયાયીઓ ચાલે છે.

ધર્મરાજે કહ્યું : આ બધા તારી શયતાનિયતને ખલાસ કરી નાખશે !

શયતાન ગંભીર વિચારમાં પડી ગયો. વાત સાચી હતી. પ્રેમ અને અહિંસાની ભાવના પ્રસરે તો એનું રાજ્ય ક્યાંથી ટકે ?

અડધો કલાક વીત્યો ફરી શયતાને અટ્ટહાસ્ય કર્યું, બોલી ઊઠયો ! 'મને રસ્તો જડી ગયો.'

ધર્મરાજે પૂછ્યું : 'કયો રસ્તો ?'

શયતાને કહ્યું : 'ગાંધીજી ભલે સત્ય, સાદાઈ, શ્રમ અને અહિંસાની વાતો કરે પણ હું નવો રસ્તો કાઢીશ. I will institutionalize him

'હું ગાંધીજીને Institution સંસ્થા બનાવીશ. સંસ્થા એટલે હરીફાઈનું કેન્દ્ર, કલહનો અખાડો અને ઝનૂનનું ધામ. એમાં competition હરીફાઈ શરૂ થશે. નામ માટે, સ્થાન માટે એમના ભકતો એમને જ મારી નાખશે, સભ્યો જ સભ્યનું ગળું કાપશે. હું બહારથી મદદ નહિ લઉં; અંદરથી મદદ લઇશ. એમના જ ભકતો એમના સિદ્ધાન્તોના નામ લઈ એમની ઘોર ખોદશે અને અહિંસા, સાદાઇ અને શ્રમની કબર બનાવશે.... .

'પછી તો બધે મારું જ રાજ્ય હશે ના ?'

શૉની વાત સાચી છે. જ્યાં સુધી વ્યક્તિ જીવંત છે ત્યાં સુધી એના વ્યકિતત્વનો પ્રભાવ પડે છે પણ જેવી એ વ્યકિત મટીને સંસ્થા બને છે એટલે સરખામણી comparison શરૂ થાય. એમાંથી હરીફાઈ જન્મ લે.

લાલબહાદુર શાસ્ત્રી નાના હતા પણ પગે લાકડીઓ બાંધી સરહદના ગાંધી જેટલા ઊંચા બનવા પ્રયત્ન ન કર્યો. કહે : ભલે હું નાનો છું પણ મને લાલબહાદુર રહેવા દો.

અનુકરણ કર્યું હોત તો વ્યકિતત્વ ન વિકસત અને દેશ ઉપર અનુશાસન ન કરી શકત. જે પોતાને હલકો સમજે તેને કોણ મોટો બનાવી શકે ?

ભારતનો આધ્યાત્મિક પ્રકાશ માત્ર શું મંદિરો બાંધવામાં, મૂર્તિઓ સ્થાપવામાં અને પૂજા કરવામાં જ છે ?

ભારતીય આધ્યાત્મિકતા એ ચૈતન્યનું દર્શન છે. માણસચૈતન્યની આ શકિત તરફ નજર નાખે તો એની શકિત શતમુખી થાય – દિન પ્રતિદિન વધતી જ જાય.

આ શકિત દરેકમાં છે, મારામાં છે તેમ તમારા સૌમાં છે.

પંદર વર્ષ પહેલાં મારું ચોમાસું ભાવનગરમાં હતું ત્યારે ઇંદીરા ગાંધીને લઇને એક દિવસ શ્રી બળવંતરાય અને સરોજબહેન મહેતા મળવા આવ્યા. વાતો થઈ, પછી ઇંદીરા ગાંધી દિલ્હી ગયાં પણ અમારો પત્રવ્યવહાર ચાલુ જ રહ્યો.

એકવાર મેં લખેલું : "તમારા પિતાના પગલે તમારે ચાલવાનું છે. તૈયાર થાઓ, તમારી શકિતઓને કેન્દ્રિત કરો."

ત્યારે જવાબમાં લખ્યું : "હું મારા પિતાને પગલે પગલે કયાંથી જવાની ? હું શું કરવાની ? હું તો કોઈ સુંદર શાંતિભર્યાં સ્થળમાં જઇ પુસ્તકો વાંચીશ, સાહિત્યનું અવગાહન કરીશ."

'હું શું કરવાની ?' કહેનાર પોતે આજે શું કરી શકે છે તે તો તમે સહુ જાણો છો. શકિત કઈ રીતે વપરાય છે એ જુદી વાત છે. પણ શકિત છે.

શકિત શું છે એનો આવિષ્કાર થાય, પરિષ્કાર થાય તો તમે શું ન બની શકો ? તમારા

વ્યક્તિત્વનો વિકાસ કરીને જે પામવા માગો તે પામી શકો.

પણ તમે તમારા વ્યક્તિત્વ તરફ નજર જ ન નાખો ત્યાં થાય શું ?

મા કહે કે મારો દીકરો ગાંધી બને, સુભાષ બને. કોઈ મા મારી પાસે આવે અને કહે: મારા બાળકને એવા આશીર્વાદ આપો કે એ આપના જેવો બને !

જો બધા મારા જેવા બનશે, સાધુ બનશે તો પોતાના જેવો કોણ બનશે ?

તમારામાં જે શકિત છે તેને વિકસાવો, તમારામાં જે બીજ છે એને જ પૂર્ણ બનાવો.

બીજનો ચન્દ્ર જ પૂનમ આવતાં પૂર્ણ આકાર પામે છે. પૂર્ણતા ચન્દ્ર જ પામી શકે છે, તારા નહિ.

જેનામાં જે છે તે બની શકે. તમારામાં જે છે તે જ તમે બનો.

થોડા વર્ષો પહેલાં મારા હાથમાં એક નાનું-શું પુસ્તક – Blue Bird આવ્યું; એને Nobel Prize મળેલું. વાર્તા નાની હતી પણ હૃદય-સ્પર્શી હતી.

એક ભાઇ-બહેને સાંભળ્યું કે જે Blue Bird મેળવે તેને બધું જ સુખ મળે.

બન્ને આ પક્ષીને શોધવા નીકળ્યા. આખું જગત ખૂંદી વળ્યાં તેમ છતાં પેલું પક્ષી ક્યાંય ન મળ્યું.

જંગલોમાં ફર્યા, પર્વતો ચઢ્યા, ખીણમાં ઊતર્યા, શોધતાં શોધતાં અંતે થાકી ગયાં; બુઢા થઈ ગયાં. શ્રમ નિરર્થક ગયો, કાંઇ શકિત ન રહી, ઘરે પાછાં આવ્યાં.

ઘરે આવીને સૂઈ ગયાં ત્યાં આંગણાના ઝાડ ઉપર બેઠેલું નાનું પંખી ગુંજન કરવા લાગ્યું.

બહેને પૂછ્યું : "આ મીઠો અવાજ Blue Bird નો તો નથી ને ?"

ભાઈ ઊભો થયો અને જોયું, "આ તો Blue Bird છે."

પક્ષી જડ્યું પણ ત્યાં તો ભાઈ બહેનનાં આયુષ્ય પૂર્ણ થયાં.

જે પક્ષીને પ્રાપ્ત કરવા આખી જિંદગી અર્પી, જેને માટે વિશ્વની પ્રદક્ષિણા લીધી તે તો આંગણામાં જ હતું. પણ કયારે જડ્યું ?

વિશ્રામ લીધો, શાંત થયા અને ઘરમાં સ્થિર થયાં.

તમે કેટલા સાધુઓ પાસે ગયા ? કેટલા તીર્થે જઇ આવ્યા ? કેટલા ભગવાનને મળી આવ્યા ? પણ શું મેળવ્યું ? કાંઈ પ્રકૃતિમાં ફેર પડ્યો ? નાના હતા તેના કરતાં સ્વભાવ અને શાન્તિમાં, આનન્દ અને નિર્દોષતામાં કેટલા આગળ વધ્યા ? કેટલી પ્રગતિ કરી ?

'ભારત શું આપી શકે છે ?' મને જીનીવાની પરિષદમાં એક વિચારકે પ્રશ્ન પૂછયો.


મેં કહ્યું : "સમૃદ્ધ અને સુખી પ્રજાને ભારત બીજું તો શું આપે પણ દૃષ્ટિ તો જરૂર આપે.

"તમારી પાસે આંખ છે પણ દૃષ્ટિ નથી. આંખ હોવી એ આનન્દની વાત છે પણ દૃષ્ટિ હોવી એ તો અપૂર્વ ધન્યતાની વાત છે."

કઇ દૃષ્ટિ ? પોતાને પામવાની દૃષ્ટિ, સ્વમાં જ જે દિવ્યતત્ત્વ છુપાયું છે એને પ્રગટાવવાની દૃષ્ટિ !

એક જ કહ્યું : "આંખ બંધ કરી અંદર આવો, ચર્મ નયનથી નહિ, દિવ્ય નયનથી માર્ગને ઢુંઢો, કેન્દ્રમાં આવો, ત્યાં પોતાનામાં પોતાને જ પામો.

 ૧

 ૨


૧ ફ્રાન્સના ભક્ત પ્રવાસીઓને થાણા મંદિરમાં ભ. મુનિસુવ્રતની સમજ આપી દર્શન કરાવતાં પૂ. ગુરુદેવ.
૨ પ્રભુનાં દર્શન થતાં જિનાલય મનમાં વસી ગયું; પ્રવાસીઓના આગ્રહથી પ્રાંગણમાં લેવાયેલું એનું સ્મૃતિ ચિહ્ન.

# અંતરને અડ્યું ત્યાં મસ્તક નમ્યું



પૂ. ગુરુદેવના શુભ હસ્તે વાસક્ષેપ ઝીલતા ફ્રાન્સના ભાઈ બહેનો–જીન–પૉલ, મીરા, આન્દ્રે સીમોનીન, શાર્લોટ આને, માયા હેગેન્ટ અને જેકલીન.

# જીવનમાં ઉચ્ચ સ્થાન પણ અંતરમાં નમ્રતા



પૂ. ગુરુદેવના જન્મદિને પોતાની હાર્દિક શુભેચ્છા વ્યક્ત કરી આશીર્વાદ મેળવતા થાણા જિલ્લાના કલેકટર શ્રી કપુર.

# જીવનના વિવિધ ક્ષેત્રોમાં આધ્યાત્મિક પ્રકાશ




પૂ. ગુરુદેવને આવકારતા થાણા રોટરી ક્લબના પ્રેસિડન્ટ શ્રી કામટ

**તરસ્યાં તન – મન**



પૂ. ગુરુદેવની વાણીમાં મગ્ન બનેલા રોટેરિયનો

પોતાને જ પામો.

"બહારથી મેળવવાનું નથી. મુકિત તમને કોઈ ભેટ નથી કરવાનું. તમારે જ તમારા વ્યકિતત્વનો વિકાસ કરીને પૂર્ણ બનવાનું છે."

વૃત્તિઓથી પ્રેરાઇને હરીફાઇમાં ભાગાભાગ કરતો માનવી કૂતરો Dog છે. પણ એ જ માનવી સ્થિર બને છે, સ્પૃહા અને હરીફાઈ છોડી પોતાનામાં ઉતરે છે તો God ભગવાન થાય છે.

જે Dog છે તે જ God બને છે. Dog ને અવળો કરો તો God થાય.

કંકરમાંથી શંકર બને છે, જીવમાંથી શિવ બને છે તેમ આત્મા પોતાના સ્વરૂપમાં મગ્ન બનતા પરમાત્મા બને છે.

આત્મા એ નામ છે. ભિન્ન ભિન્ન અવસ્થા પ્રમાણે એને વિશેષણો લાગે છે. દુષ્ટ કાર્ય કરનારને દુષ્ટ–આત્મા કહો છો, નીચે પડી જતા માનવીને અધમ–આત્મા કહો છો. એ જ માનવી સારો થાય તો ઉત્તમ આત્મા કહેવાય છે, વધુ સારો બનતાં મહાત્મા પણ થાય છે. જ્યારે પૂર્ણ વિકાસ પામે છે ત્યારે એ પરમાત્મા કહેવાય છે.

Development વિકાસ કોનો થયો? આત્માનો.

ફોટા પડાવો છો ત્યારે નેગેટીવ નાની હોય છે પણ ફોટોગ્રાફર એની જેટલી જોઇએ તેટલી મોટી પોઝેટીવ બનાવે છે. તેમ આત્મામાંથી પરમાત્મા બને છે.

પરમાત્મા બનવાનું કામ તમારું છે. તમારો ઉદ્ધાર તમારે જ કરવાનો છે. તમે તૈયાર નહિ થાઓ તો સાધુઓ, સંતો કે ખુદ ભગવાન પણ તમારો ઉદ્ધાર નહિ કરે.

ઉદ્ધારકની પ્રતીક્ષા ન કરો. અવતારો ઘણા થયા પણ બધા નિષ્ફળ ગયા. માનવજાતનાં દર્દો અને આંસુઓ એમ જ વહ્યા કરે છે, યુદ્ધો અને વિગ્રહો એમ જ ચાલ્યા કરે છે.

તમે તમારા પગ ઉપર ઊભા થાઓ, તમારું કલ્યાણ કરવું કે તમારો વિનાશ કરવો તે તમારા હાથમાં છે.

તમારા બંધુ તમે છો અને તમારા શત્રુ પણ તમે જ છો. જે ખુદને ધોકો આપે એ તમને કેમ નહિ આપે?

ક્રોધ, માન, માયા લોભ, ઈર્ષ્યા – આ બધાએ તમને ચકરાવામાં નાખ્યા છે, તમને જ તમારા વિરોધી બનાવ્યા છે.

એક ભાઇને ત્યાં હું ધર્મ સંભળાવવા ગયેલો. એ ભાઈ ઘણા જ વૃદ્ધ હતા, પાણી પીવું હોય કે ઊભા થવું હોય તો માણસનો ટેકો લેવો પડે.

થોડા મહિના પહેલાં એ જે માળામાં રહેતા હતા ત્યાં આગ લાગી. એ વૃદ્ધ પાંચમે માળે રહેતા હતા ત્યારે સૌથી પહેલાં નીચે ઉતરનારામાં એ ભાઈ પ્રથમ હતા! ન લાકડી કે ન કોઇનો ટેકો! એકલા જ ઊતરી પડ્યા.

મનુષ્યમાં છુપાયેલી શકિત વિપત્તિ (crisis) વખતે કેવી રીતે બહાર આવે છે?

અંદરની શકિત બહાર લાવવા માટે વિપત્તિ crisis અનિવાર્ય છે. વિપત્તિ વિના માનવી પ્રમાદમાં પડે છે.

કવિવર ટાગોરે કહેલી પ્રાર્થના યાદ છે? "પ્રભુ, ભલે મારા ઉપર વિપત્તિનો વરસાદ વરસે પણ એનો સામનો કરવા હિંમત Courage આપજો."

વિપત્તિનો સામનો કરતાં કરતાં અંદરના તત્ત્વને બહાર લાવવાનું છે.

પતંગ ચઢાવવો છે? તો સામી હવા જોઈએ જ. હવા નથી તો પતંગ ચગતો પણ નથી. એને ઉપર ચઢાવવા વિરોધી હવા જોરદાર જોઈએ.

પ્રમાદી જીવનમાં નવપ્રભાત કદી ઊગતું નથી.

તમે બધા દેશનો આકાર બદલનાર મુખ્ય વ્યકિતઓ છો, સમાજના ચૂંટાયેલા અગ્રગણ્ય માનવીઓ છો. Rotary એટલે દરેક ક્ષેત્રમાં આગળ વધેલી વ્યકિતઓનો ગજરો !

તમારા હાથમાં દેશની નૌકાનું સુકાન છે, એટલે તમારી જવાબદારી અનેકગણી છે.

આપણી સંસ્કૃતિનો પ્રકાશ આજે ઝાંખો થતો જાય છે, તમારે એમાં તેલ પૂરવાનું છે.

પરદેશથી તમે knowhow લાવી શકો પણ પરદેશથી શકિત આયાત (import) નહિ કરી શકો.

તમે તમારા બાળકોને આ દૃષ્ટિ નહિ આપો તો પશ્ચાતાપ કરવાનો વારો આવશે. તમે તમારા પુત્રોને પરદેશમાં ખોઈ બેસશો !

ધર્મ શું છે? આધ્યાત્મિક જાગરણ છે. મા પોતાના બાળકને હાલરડાં ગાતાં કહે: તું સિદ્ધ છો, તું બુદ્ધ છો, તું જ ચૈતન્યની પરમજ્યોત છો.

આવા સંસ્કારોનું સિંચન બાળકોમાં કર્યું હોય તો એ પરદેશ જવા છતાં પોતાની અસ્મિતાને, પોતાના વ્યકિતત્વને નહિ ભૂલે.

આજે તો સમાજમાં ઊંધું જ જોવા મળે છે. આપણા મિનિસ્ટરો ગ્રામ પંચાયત શિખવા પરદેશ જાય ! અને ખાદી ઉદ્યોગ વિકસાવવા વિશ્વનું પર્યટન કરે !

બધું લાવો પણ મૂળરૂપને ન ભૂલો.

કહો : મારામાં છુપાયેલી શકિતને બહાર લાવું, એને વિકસાવી પરમાત્મા બનું.

હે પ્રભુ ! મારી શકિત બહાર આવે, એના ઉપરનું આવરણ નીકળી જાય, નીચે પડેલો હું ઊભો થઈને ઉપર તારા આસને આવું.

નાનું-શું બીજ મોટું થતાં વટવૃક્ષ બને છે તેમ ચૈતન્યનો વિકાસ કરતાં કરતાં આપ સૌ પૂર્ણ પરમાત્મા બનો એ પ્રાર્થના.

---

## પ્રાણ સીંચો

તમે મોટાં મોટાં કાર્યો કરી થાકી ગયા છો, શુષ્ક થઈ ગયા છો તો હવે નાનાં કાર્યોનો પ્રારંભ કરો; જે એની મેળે જ મોટાં બની જાય. પણ શરત એક છે: તમે તમારાં એ કાર્યમાં તમારા પ્રાણ સીંચો; તમારું સ્વાર્પણ કરી દો; પછી જુઓ કે એ નાનાં કાર્ય કેવાં મોટાં થાય છે અને તમારા શુષ્ક જીવનને કેવું સ-રસ અને સુમધુર બનાવે છે !

સ્વાર્પણના નાનાં બીજમાં જ કાર્યનો વડલો સંતાયેલો છે.

– ચિત્રભાનુ

# ✻ આંતર વૈભવ ✻

નોંધ : પૂ. મુનિશ્રી ચિત્રભાનુ મહારાજશ્રીએ રોક્ષી થિયેટરમાં (તા. ૨૨-૯-૬૮) આપેલું પ્રવચન

(ગતાંકથી ચાલુ)

આર્થર દુ:ખી હતો એ બહારથી નહિ, અંદરથી. બહારથી તો એની પાસે ફેક્ટરીઓ હતી, મોટી મોટી ગાડીઓ હતી, ઘરમાં પોતાનું જ હેલિકોપ્ટર હતું. આ બધું હોવા છતાં આર્થર સુખી નહોતો. બહારની દુનિયા ખુશ હતી પણ આર્થરની અંદરની દુનિયા દુ:ખી હતી.

આર્થરને સમજાયું કે એના સમગ્ર જીવનની પ્રવૃત્તિ એના નામ માટે હતી, આત્માની શાંતિ માટે નહિ.

'Listen carefully' એણે પોતાને જ ઠપકો આપ્યો 'આર્થર તેં તારે માટે કાંઈ ન કર્યું. You have'nt done anything for your soul. તેં તારા આત્મા માટે કાંઈ નથી કર્યું. કોને માટે કર્યું ? આર્થર માટે, નામ માટે.

હું અહીંથી ગયા પછી આર્થર રહે તો શું અને ન રહે તો પણ શું ? જે નથી રહેવાનું, જેનું મારા ગયા પછી શું થવાનું છે તે ખબર નથી, એને માટે હું આટલું બધું કરું છું ? જે મારી સાથે આવવાનું છે એને માટે શું કર્યું ? કાંઇ ન કર્યું. જો કાંઈ ન કર્યું તો મારે માટે આનંદનો, સુખનો અને સંતોષનો કોઈ વિષય નથી.

ત્રણ કલાક પૂરા થવા આવ્યા, અને જે આર્થર આજ સુધી સાંભળી શકયો નહોતો તે સાંભળવા લાગ્યો.

આજે ત્રણ કલાકનો ટાઇમ મળ્યો. કોઇ નથી, ટેલિફોનની ઘંટડી વાગતી નથી, રેડિયો નથી, કોઇ આવીને પૂછતું નથી, ચેક ઉપર સાહી કરાવવા કોઈ આવતું નથી, ટીપમાં ભરાવવા કોઇ આજીજી કરતું નથી. કોઈ નથી, એકલો છે.

માણસ એકલો પડતો નથી. કારણ કે એકલો પડે તો અંદરથી પ્રશ્નો શરૂ થઈ જાય. માણસ એકલતાથી ભાગે છે. નહિ ભાઈ, એકલો નહિ, રહું. લોકોને એકલતાનો ડર છે. જ્યાં જાય ત્યાં બગલમાં બે જણને લઈને જાય.

એકલો પડે અને ગભરાય, પ્રશ્નો ઊંડાણમાંથી ઉપસ્થિત થાય અને ફફડી ઊઠે.

આ પ્રશ્નોનો માણસે સામનો કરવો જ પડશે. જ્યાં સુધી એકલતાનો સામનો નહિ કરે ત્યાં સુધી એનો જવાબ નહિ મળે. એણે જવાબ મેળવવાનો છે, અને આ જવાબ અંદરથી આવે છે.

ઘણીવાર એવું બને છે કે નજીકમાં હોય છતાં પણ ન સાંભળાય અને દૂર હોય તે સંભળાય.

જે લોકો રેલ્વે લાઈનની બાજુમાં રહેતા હોય એ ટ્રેઈનના અવાજથી ટેવાઇ ગયેલા હોય છે, એમને ટ્રેઈનનો અવાજ હેરાન કરતો નથી. પણ એના સ્વજનનો અમેરિકાથી કૉલ આવે તોય સંભળાય. દૂરનું સંભળાય પણ નજીકનું ન સંભળાય.

એકવાર વિહાર કરતાં કરતાં મારે ઘાટકોપરના ઉપાશ્રયમાં રહેવાનું થયું. રાતના બરાબર એક વાગે Boeing પ્લેન ઉપડે અને ઉપાશ્રય ઉપર થઇને નીકળે. શાંત રાત્રિમાં જ્યારે માથા ઉપરથી પ્લેન જાય ત્યારે એમ જ લાગે કે ઉપાશ્રયના બે કટકા થઈ જશે, એટલો જોરદાર અવાજ.

આઠ દસ દિવસ વીતી ગયા. એક દિવસે બપોરે થોડા ભાઇઓ મારી પાસે બેઠા હતા ત્યારે એક ભાઈએ પૂછયું : "મહારાજ ! અમારો

ઉપાશ્રય તો બહુ મોટો છે, આપને ઊંઘ તો સારી આવતી હશે.''

મેં હસીને કહ્યું : 'ઊંઘ આવે, પણ ઊડી જાય છે.'

'કેમ?' મેં કહ્યું : 'જેટના અવાજથી.'

'અમે તો મહારાજ અહીં દસ વર્ષથી રહીએ છીએ, અમારી ઊંઘ કોઈ દહાડો ઊડી નથી.'

'તમે ટેવાઈ ગયા છો' મેં કહ્યું. ટેવ એક એવી વસ્તુ છે કે માણસ એમાં કેળવાઈ જાય છે. પછી એ રેલ્વેનો અવાજ હોય, પ્લેનનો અવાજ હોય કે ભૌતિક અવાજ હોય. એનાથી ટેવાઈ જાઓ છો પછી ગમે એટલા નગારા વાગે તો પણ કાંઈ નહિ.

એટલે આ અવાજોની દુનિયામાં રહેનારને અંદરનો અવાજ ક્યાંથી સાંભળવા મળે?

હવે આ અંદરના અવાજને સાંભળવાનો છે.

માણસ જ્યારે પોતાને શોધતો થાય છે, પોતાને સાંભળતો થાય છે, ત્યારે જ પોતાનામાં નવી આંતરવૈભવની દુનિયા ઊભી કરી શકે છે, નિમ્ન ભૂમિકામાંથી ઊર્ધ્વ પ્રતિ, તળેટીમાંથી શિખર પ્રતિ પ્રયાણ કરે છે. ❋

## ❋ જ્ઞાન ગોચરી ❋

ફૂલ છે ત્યાં ભ્રમર ગુંજન કરે છે, જ્ઞાન છે ત્યાં તૃષાતુર આત્માઓ ભમે છે.

પૂ. ગુરુદેવ ફ્રાન્સ પધાર્યા, ભૂખ્યા આત્માઓને જોયા, અહિંસા અને અનેકાન્તની વાણી વહાવી અને પાછા વળ્યા.

પણ પૂ. ગુરુદેવનો સંપર્ક ફરીથી સાધવા, ધ્યાન અને યોગ ઉપર વધુ પ્રકાશ મેળવવા એક નહિ પણ વીસ વીસ ભાઈ બહેનો ફ્રાન્સથી હિંદુસ્તાન આવ્યાં.

મંગળવાર તા. ૨૮-૭-૭૦ સહુ થાણા પધાર્યા અને શ્રી થાણા સંઘે પરદેશીઓના સંઘની સાધર્મિક ભક્તિ કરવાનો લહાવો લૂંટ્યો.

પૂ. ગુરુદેવનું પ્રવચન શરૂ થતાં પહેલાં Mrs. Anne (દુર્ગા) અને Mr. Simonin (નારાયણ) એ નવકારમંત્રના ગુંજનથી સભાને મુગ્ધ કરી નાખી. પરદેશીઓના મુખેથી નવકાર મંત્ર! અને તે પણ આટલો પદ્ધતિસર અને આટલો મધુર!

પૂ. ગુરુદેવે પંદરેક મિનિટ અંગ્રેજીમાં પ્રેરણાદાયી પ્રવચન આપ્યું.

પ્રવચન પૂરું થયું અને જિજ્ઞાસાથી પ્રેરાઇને થાણા ગામના નરનારીઓ મંદિરમાં ઉમટ્યાં. તે પછી આ વિદેશીઓને મંદિરમાં લઈ જવામાં આવ્યાં. પ્રશ્નો પૂછાતા ગયા અને પૂ. ગુરુદેવ પાસેથી સહુ સમાધાન મેળવતા ગયા.

એ સૌના આગ્રહથી મંદિરના પ્રાંગણમાં પૂ. ગુરુદેવ બેઠા અને આ યાદગાર દિવસ, સ્મૃતિ પટ ઉપર સદા માટે અંકિત થઈ ગયો.

આદિનાથ કોણ? ક્યારે થઈ ગયા? તીર્થંકરો કેટલા? સહુએ સમાજને શું આપ્યું? કેટલાકે જૈન ધર્મ અને તત્વજ્ઞાન વિષે પૂછ્યું તો કેટલાકે ગુરુ વિના જ્ઞાન કેમ મળે, ગુરુ કેવી રીતે મેળવવા એવા પણ પ્રશ્નો પૂછ્યા. અંતમાં કેટલાકે નવકાર-મંત્રનો અર્થ સમજી લીધો તો કેટલાકે એમના પ્રવચનો અને વિવેચનોની ટેપ ઉતારી.

પ્રશ્નાવલિ પૂરી થતાં પૂ. ગુરુદેવે સહુને જણાવ્યું કે યોગ એટલે માત્ર શરીર જ નહિ પણ ચિત્ત શુદ્ધિનો પ્રયત્ન છે.

સમય વીતતો ગયો, શ્રી થાણા સંઘે સહુને પ્રેમપૂર્વક જમાડ્યા. વિદાયને પળ આવી. સહુએ વંદન કરી, વાસક્ષેપ અને પૂ. ગુરુદેવના આશીર્વાદ લઇ વિદાય લીધી પણ દુર્ગા અને નારાયણે જવાનું મોકૂફ રાખ્યું. કહ્યું: અમારે પૂ. ગુરુદેવના સાન્નિધ્યમાં રહેવું છે, હજુ ઘણું પૂછવું છે, જાણવું છે, મેળવવું છે.

વિદેશીઓ આવ્યા, થાણા સંઘની ભક્તિ અને ભાવ જોયાં, પૂ. ગુરુદેવના અગાધ જ્ઞાનમાં ડૂબકી મારતા ગયા. ❋

What greater desecration can ever be imagined than addressing as love what is but an attachment induced by lascivious passion ?

from : **Lotus Bloom**
by : **Chitrabhanu**

★


*With Best Compliments from*

**KANAHIYALAL KHANDELWAL**

**METAL MERCHANT**

Tel : 32 48 08 / 45 39 30

**Khandelwal Metal & Engineering Works**

*Makers of :*

**STAINLESS STEEL SURGICAL INDUSTRIAL TABLE WARES.**

Tel. : 32 48 08 / 58 17 89

*Office :*

23, MAHAKALI BHAWAN, PYDHONIE,
BOMBAY – 3 BR

[અનુસંધાન કવર પેજ ૨ થી ચાલુ]

શુભેચ્છકોની શુભેચ્છાઓ અને આશીર્વાદોની વૃષ્ટિ થતાં પૂ. ગુરુદેવે જણાવ્યું :

"તમારી સહુની અને વ્યક્તિ વિશેષ થાણાના કલેકટર શ્રી કપુરની શુભેચ્છાઓથી દૂધમાં સાકર મળે એવી મધુરતા અનુભવું છું.

જેની પાસે અધિકાર છે, સેવાનું ક્ષેત્ર છે અને સહૃદય છે તેમની ક્ષણેક્ષણ મૂલ્યવાન બની શકે છે. તેનો તેઓ પ્રાણીમાત્રના કલ્યાણ માટે ઉપયોગ કરે એવું ઈચ્છું.

જેની શક્તિ કેન્દ્રિત થયેલી છે, જે દ્વિધામાં નથી અને જેનામાં અફર નિર્ણય કરવાની શક્તિ છે એના કાર્યોમાં એ સફળતા મેળવે જ છે. આપણને દુનિયામાંથી જે કાંઇક મળ્યું છે તેમાંથી કાંઇક પાછું વિશ્વને દેવાનું છે. જિંદગી એ તો એક લે-દેની લહાણ છે.

જેની આંખોમાં અધ્યાત્મની લાલી છે, ભાષામાં વિવેકનું દર્શન છે એને તો દરરોજ જન્મદિવસની ખુશાલી છે.

સારું કામ કરો તો એ તમારો જન્મદિવસ છે, ખરાબ કામ કરો તો એ મરણ છે. તમે જે કાંઈ કામ કરો એ પ્રશંસા કે સ્તુતિ માટે નહિ પણ આત્માના આનંદ માટે કરો. પછી સ્તુતિ અને નિંદા તો વાયરા જેવા લાગશે, આવે અને જાય. વાહ વાહ ને ઊંધી કરો તો હવા હવા થાય ને?

મનુષ્ય જન્મ મળવો એના જેવી ઉત્તમ વાત એકેય નથી. મનુષ્ય જન્મ મળ્યો અને એનું મૂલ્ય સમજાયું તો જીવન ધન્ય ધન્ય થઇ ગયું.

ન ગમતી વાત બને તો સમતાથી ગમતા થઇ જાઓ પણ આત્માના આનંદને ન ગુમાવો.

દુઃખિયાઓની દોસ્તી ન કરશો, એ જ્યાં જાય ત્યાં દુઃખની જ વરાળ કાઢે.

તમારું મન ચીમળાઇ ગયેલું હોય, ફરિયાદોથી ભરેલું હોય એ દિવસે બહાર ન જશો, દુનિયાના દુઃખોમાં વધારો ન કરશો.

તમે જ્યાં જાઓ ત્યાં આનંદનાં છાંટણાં કરતા જાઓ, આનંદની બહાર લાવો.

આજે તમે શુભેચ્છાઓ લઇને આવ્યા છો, એ તમને પાછી આપું છું અને ઇચ્છું છું કે તમારો દરેક દિવસ જન્મ દિવસ બને; આનંદ વ્યક્ત કરવાનો શુભ અવસર બને.

પૂ. ગુરુદેવના જન્મદિવસ નિમિત્તે દર્શનાર્થીઓને શ્રી મેઘજી વીરજી તરફથી ભાથું અપાયું તો શ્રી સરેમલજી કપુરચંદજીએ વ્યાખ્યાન બાદ મોદકની પ્રભાવના કરી. શ્રી પ્રેમજી વીરજીએ ટી. જે. હાઈસ્કૂલના ૧૮૦૦ વિદ્યાર્થીઓમાં મીઠાઈની વહેંચણી કરી તો એક મૂક ભક્તે સેંકડો ગરીબોને ખાવાનાં પડીકાં (લંચ પેકેટ) વહેંચ્યાં.

માનવી આંખ ફેરવે તો માનવતાનાં દર્શન થાય. પૂ. ગુરુદેવશ્રીની દૃષ્ટિથી જોતા ભક્તોએ મંદિરની બહાર નજર નાખી તો ક્યાંક તનના દરદી જોયાં તો ક્યાંક મનના દરદીઓ નિહાળ્યાં. એ ભક્તોએ શ્રી કપુરના શુભ હસ્તે થાણાની મેન્ટલ હોસ્પિટલના ૨૦૭૦ દરદીઓને મીઠાઇઓ વહેંચી અને થાણા સિવિલ હોસ્પિટલમાં સિવિલ સરજન ડૉ. મુંજેના સહકારથી ૨૨૫ દરદીઓમાં મીઠાઇ, દૂધ તથા ફળ આપીને કાંઈક કર્યાનો થોડો-શો આનંદ અનુભવ્યો.

મૂક સેવાનો આનંદ કો'કે લીધો તો પૂજા ભણાવતાં ભણાવતાં પ્રભુની ભક્તિનો આનંદ ચન્દ્રપ્રકાશ મહિલા મંડળની બહેનો અને શિશુ મંડળની નાની બાળાઓએ લીધો.

સાંજ પડવા આવી; થાણા રોટરી કલબના સભ્યો પૂ. ગુરુદેવના વચનામૃતનું પાન કરવા આતુર બન્યા અને પૂ. ગુરુદેવે રોટેરિયનો સમક્ષ વિચારોની સુવાસ પ્રસરાવી.

જન્મોત્સવ પૂરો થયો; શુભ સંકલ્પોનું પ્રભાત ઊઘડ્યું.

કુ. વત્સલા અમીન

મુદ્રક, પ્રકાશક અને માનાર્હ સંપાદક શ્રી ચંદુલાલ ટી. શાહે, લિપિની પ્રિન્ટરી મુંબઈ નં. ૨ માં છપાવી, ડીવાઈન નોલેજ સોસાયટી (દિવ્ય જ્ઞાન સંઘ) માટે 'ક્વીન્સ વ્યુ' ૨૮/૩૦, વાલકેશ્વર મુંબઇ નં. ૬ માંથી પ્રગટ કર્યું છે.